# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા માછલીના મૂલ્યવર્ધન ઉપર તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, દેવાતજ દ્વારા તા. ૨૨-૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ કતકપુર, ખંભાત ખાતે “માછલીની જાળવણી તથા તેના મૂલ્યવર્ધન” ઉપર બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ. જેમાં ૩૦ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સદર તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માછલીના મૂલ્યવર્ધન થકી પ્રોટીનસભર આહાર બનાવી બાળકો અને કીશોરીઓમાં પોષણયુક્ત આહાર દ્વારા કુપોષણ અટકાવવા તેમજ મહિલાઓ દ્વારા વિવિધ મૂલ્યવર્ધિત વાનગીઓના વેચાણ થકી વધારે આવક પ્રાપ્ત કરવાનો હતો.

કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. એ. સી. વૈદ્ય એ જણાવ્યું હતુ કે માછલીમાંથી પ્રોટીન એમીનો એસિડ, ફેટી એસિડ, વીટામિન્સ અને ખનીજતત્વો વગેરે મળી રહે છે. તળાવ કે દરિયામાંથી પકડયા બાદ મોટાભાગે માછલીને સારી રીતે જાળવી રાખવામાં આવતી ન હોવાથી તે જલ્દી બગડી જાય છે જેથી બજારમાં સારો વેચાણ ભાવ મળતો નથી. આ ઉપરાંત જો તેમાંથી વિવિધ વાનગીઓ બનાવવામાં આવે તો તેના વેચાણ થકી સારી એવી રોજગારી મેળવી શકાય છે. આ ઉપરાંત, તેઓએ હાલમાં ચાલી રહેલ રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણીનું મહત્વ પણ સમજાવ્યુ હતું.

આ તાલીમમાં શ્રી જૈમિન એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફિશરીઝ) દ્વારા પહેલા દિવસ દરમિયાન વિવિધ માછલીઓનો પરિચય, આરોગ્યની દ્રષ્ટીએ થતા લાભો, તાજી માછલીની ઓળખ, માછલીની યોગ્ય જાળવણી તથા તેના પ્રોસેસિંગ દરમીયાન લેવાના અગત્યના પગલાંઓ તેમજ માછલીના મૂલ્યવર્ધન માટે ઓછા ભાવમાં મળતી માછલીમાંથી બનતી વિવિધ વાનગીઓની વિગતવાર માહિતી આપવામાં આવેલ. બીજા દિવસે માછલીના મૂલ્યવર્ધનની પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી હતી. જેમાં માછલીમાંથી વિવિધ બનાવટો જેવી કે સમોસા, ગાંઠીયા, કટલેસ તેમજ ઝીંગાનું અથાણું વગેરે પ્રત્યક્ષ બનાવીને બહેનોને પ્રશિક્ષિત કરવામાં આવી હતી. આ રીતે મહિલાઓ માછલીની યોગ્ય જાળવણી અને મૂલ્યવર્ધન કરી જાતે વ્યવસાય શરૂ કરી કઈ રીતે વધુ આવક મેળવી શકે તે અંગે સમજ આપવામાં આવેલ.






Khambhat, Gujarat
Lon: 72.61862 Lat: 22.33263
September 23 2021


Khambhat, Gujarat



